કાકડી

નિકોલાઈ નોસોવ

ચિત્ર : ઇવાન સેમ્યોનોવ



કાકડી



નિકોલાઈ નોસોવ

ચિત્ર : ઇવાન સેમ્યોનોવ







એક દિવસ પાવલિક એના મિત્ર કોલ્યા ને માછલી પકડવા લઈ ગયો. પણ એનું નસીબ ખરાબ હતું, માછલીઓ એ કાંટા પર મોઢું જ ન માર્યું. પણ ઘરે પાછા ફરતા એ સામૂહિક શાકભાજી ના ખેતર માં ગયા અને કાકડી તોડી ને ખિસ્સા ભરી લીધા. ચોકીદારે એને જોઈ લીધા અને સીટી વગાડી, પણ છોકરાઓ બને એટલી તેજી થી ભાગ્યા અને નાસી ગયા. જેમ-જેમ એ આગળ વધ્યા પાવલિક ને ખ્યાલ આવ્યો કે ઘરે પહોંચવા પર કાકડી ચોરવા માટે એને ઠપકો પડશે, એટલે એણે એના ભાગ ની કાકડી કોલ્યા ને આપી દીધી.

"જુઓ હું તમારા માટે કેટલી કાકડી લાવ્યો છું!" દરવાજો ખુલતા જ કોલ્યા મોટે થી બોલ્યો.



માઁ એ ઉપર જોયું - કોલ્યા ના ખિસ્સા અને ખમીસ ઉપસેલા હતા અને એના હાથો માં બે કાકડી હતી જે ક્યાંય પણ સમાવવા માટે બહુ મોટી હતી.

"તને આ કાકડી ક્યાંથી મળી?" માઁ એ પૂછ્યું.

"બગીચા માં થી."

"ક્યા બગીચા માં થી?"

"નદી પાસે સ્થિત શાકભાજી ના ખેતર માં થી."

"ત્યાંથી કાકડી તોડવા પરવાનગી તને કોણે આપી?"




"કોઈ એ નહીં. મેં પોતે તોડી."

"તારો મતલબ છે તેં ચોરી કરી?"

"ના. હું બસ એને લઈ આવ્યો. પાવલિકે થોડી કાકડી લીધી. એટલે મેં પણ લીધી." એણે ખિસ્સા માં થી કાકડી કાઢવાનું શરુ કર્યું.

"ઉભો રહે! એવું નહીં કર," એની માઁ એ કહ્યું.

"કેમ નહીં?"



"તું કાકડી તુરંત પાછા આપી આવ."

"કેમ? એ વેલા પર ઉગી હતી જયારે મેં એને તોડી હતી. હવે એ વધારે આમ પણ પાછી નહીં ઉગે."

"એ કંઈ નહીં. તું એને પાછી લઈ જા અને એને ત્યાં જ રાખી આવ જ્યાંથી એને તોડી હતી."

"ઠીક છે, હું કાકડી બહાર જઈને ફેંકી દઉં છું."

"અરે નહીં, તું એવું નહીં કરે! તેં એ કાકડી વાવી ન હતી. તેં એને પાણી નથી પીવડાવ્યું. અને એટલે, તને એને બહાર ફેંકવાનો પણ કોઈ અધિકાર નથી."

"પણ ચોકીદાર ત્યાં હતો. એણે અમને જોઈને સીટી વગાડી, અને અમે ભાગી આવ્યા."

"અને જો એણે તમને પકડયા હોત તો શું થાત?"



"એ એવું ન કરી શકત. એ બુઢ્ઢો ઝડપ થી દોડી નહોતો શકતો."


"તને શરમ આવવી જોઈએ. ચોકીદાર એ કાકડી માટે જવાબદાર હતો. જો કોઈ ને ખબર પડશે કે કાકડી ગુમ થઈ ગઈ છે, તો એ એને ચોકીદાર ની ભૂલ સમજશે."

કોલ્યા ની માઁ એ કાકડી ફરી એના ખિસ્સા માં ભરી દીધી.

"હું નહીં જાઉં!" કોલ્યા એ બૂમ પાડી. "એની પાસે બંદૂક છે. એ મને ગોળી મારી દેશે!"

"તું એ જ લાગનો છે. હું નથી ઇચ્છતી કે મારો દીકરો ચોર બને."

"તું મારી સાથે આવ, માઁ! મને એકલા પાછા જવામાં ડર લાગે છે."



"જયારે તે એને ચોરી હતી ત્યારે તને ડર નહોતો લાગ્યો, કેમ?" માઁ એ કહ્યું, અને બે સૌથી મોટી કાકડી કોલ્યા ના હાથ માં પકડાવી અને એને ઘર ની બહાર રવાના કર્યો.

"જા, કાકડી પાછી આપી આવ," માઁ એ કહ્યું.

કોલ્યા ગામ ને રસ્તે રગશિયા ચાલે ચાલવા લાગ્યો.

"હું કાકડી ને એક ખાડા માં નાખી દઈશ અને કહીશ કે હું એને પાછી આપી આવ્યો," એણે મનમાં કહ્યું અને ચારે બાજુ જોયું. "ના, એ પહેલા કે કોઈ મને એને ખાડા માં નાખતા જુએ અને ચોકીદાર મુસીબત માં પડે, સારું થશે કે હું એ કાકડી પાછી આપી દઉં."



રસ્તા પર ચાલતા કોલ્યા મનમાં ગણગણ્યો, "પાવલિક મારી જેમ મુસીબત માં ફસાયો નહીં. એણે મને એની કાકડી પકડાવી દીધી, અને હવે એ એના ઘરે છે, અને કોઈ એનાથી નારાજ પણ નથી."

કોલ્યા ગામ ના રસ્તા ના અંત સુધી પહોંચ્યો અને મેદાન તરફ આગળ વધ્યો. એ ક્યારેય આટલી મોડી સાંજે એકલો બહાર ગયો ન હતો, અને એથી એને થોડી બેચેની થઈ. આખરે, એ નદી ના કિનારે કાકડી ના ખેતર માં પહોંચ્યો.



કાકડી ના ખેતર ને કિનારે એક નાની ઝૂંપડી હતી. ત્યાં જ ચોકીદાર હતો. કોલ્યા ઝૂંપડી ની બહાર ઉભો રહી ગયો અને જોર-જોર થી શ્વાસ લેવા લાગ્યો. ચોકીદારે એને સાંભળી લીધો.

"કેમ, શું વાત છે?" ચોકીદારે બહાર આવતા પૂછ્યું.

"હું કાકડી પાછી આપવા આવ્યો છું."

"કઈ કાકડી?"

"જે પાવલિક અને મેં ચોરી હતી. માઁ એ કહ્યું કે એ મારે પાછી આપી દેવી જોઈએ."

"અચ્છા તો એવું છે," બુઢ્ઢા ચોકીદારે બહુ આશ્ચર્ય થી કહ્યું. "તો તમે જ એ છોકરા હતા જેને જોઈને મેં સીટી વગાડી હતી. મને ખબર ન હતી કે તમે લઈ ગયા હતા. તમે જે કર્યું એ જરાય સારું ન હતું."

"પાવલિકે જયારે થોડી કાકડી લીધી, તો મેં પણ એની દેખા-દેખી માં થોડી લઈ લીધી. અને પછી પાવલિકે એની બધી કાકડી મને આપી દીધી."

"જો, પાવલિક ની વાત છોડી દે. તું સચ્ચાઈ જાણવા માટે હવે મોટો થઈ ગયો છે. જો, બીજી વાર ક્યારેય એવું નહીં કરતો. કાકડી મને આપી દે, અને તું તારે ઘરે જતો રહે."





કોલ્યા એ એના ખિસ્સા અને શર્ટ માં થી કાકડી કાઢી અને એને એક લાઈન માં રાખી દીધી.

"બસ આટલી જ?" ચોકિદારે કહ્યું.

"ના. એક કાકડી વધારે હતી."

"અચ્છા? એ ક્યાં છે?"

"એ હું ખાઈ ગયો. હવે તમે મારી સાથે શું કરશો?"

"કંઈ નહીં. જયારે તેં કાકડી ખાઈ લીધી છે, તો પછી એનો શું ફાયદો?"

"શું એનાથી તમને તકલીફ તો નહીં થાય ને?"



"એક કાકડી ઓછી થવાથી કોઈ ફર્ક નહીં પડે, પણ જો તું આ બધી કાકડી પાછી લાવત નહીં, તો નિશ્ચિત રૂપ થી હું મુશ્કેલી માં આવી જાત."

કોલ્યા બીજી તરફ ફર્યો અને ભાગી ગયો. અચાનક એ ઉભો રહ્યો અને બૂમ પાડી, "હું તમને કંઇક પૂછવાનું ભૂલી ગયો!"



"શું?"

"જે કાકડી મેં ખાધી એનું શું? શું મેં એ ચોરી હતી કે નહીં?"

"જો," ચોકીદારે કહ્યું, "એ કહેવું બહુ અઘરું છે. ઠીક છે, માની લે કે તેં એની ચોરી કરી ન હતી."

"તો પછી મેં શું કર્યું હતું?"




"એવું માની લે કે એ મારા તરફ થી તને ભેટ હતી."

"આભાર! હવે હું ઘરે જાઉં છું. આવજો!"

"આવજે!"

કોલ્યા એ મેદાન અને નાનો પૂલ દોડી ને પાર કર્યા. ગામ ને રસ્તે પહોંચ્યા પછી એ થોભ્યો અને પછી ઘર નો બાકી નો રસ્તો ધીરે-ધીરે ચાલી ને પૂરો કર્યો. એને અંદર થી બહુ સારું લાગી રહ્યું હતું.



સમાપ્ત